# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૦૮-૧૨-૨૦૨૪ રવિવાર સમય : સાંજે ૬:૨૫ કલાકે**

---

## પ્રધાનમંત્રી-BAPS મહોત્સવ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, BAPSના કાર્યકરો દ્વારા કરાયેલા માનવતાના કાર્યોના લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો પ્રભાવ અને ક્ષમતામાં વધારો થયો છે. ગઈકાલે અમદાવાદમાં બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા – BAPSના કાર્યકર સુવર્ણ મહોત્સવમાં વિડિયો કોન્ફરન્સિંગ માધ્યમથી સંબોધતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, BAPSના કાર્યકરોની કામગીરીએ ભારતના સમૃદ્ધ આધ્યાત્મિક વારસાની ક્ષમતાનો પરિચય સમગ્ર વિશ્વને કરાવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સેવા એ ભારતીય સંસ્કૃતિનો મુખ્ય સિદ્ધાંત છે તેમ જણાવીને શ્રી મોદીએ ઉપસ્થિત કાર્યકરોને રાષ્ટ્ર ઘડતર અને સમાજ માટે ઉપયોગી કામગીરી કરવા અપીલ કરી હતી.

આ પ્રસંગે આશરે 30 દેશોના BAPS ના કાર્યકરોની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થઇ રહ્યા છે. આ કાર્યક્રમમાં સંસ્થાના વડા મહંત સ્વામી, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

- (RNU અમદાવાદ)

---

## ગૃહમંત્રી-લોકસેવા ટ્રસ્ટ:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બંધારણમાં વર્ણવેલ કલ્યાણ રાજ્યની પરિકલ્પનાને વાસ્તવિકતામાં ફેરવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભાજપ સરકારની પ્રશંસા કરી છે. અમદાવાદમાં લોકસેવા ટ્રસ્ટના વાર્ષિક સમારોહને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર ગરીબી નાબૂદી, પરવડે તેવા આવાસ, તબીબી સંભાળ અને શિક્ષણ અને નાગરિકો માટે શ્રેષ્ઠ જીવન પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું લક્ષ્ય ધરાવે છે

અગાઉ શ્રી અમિત શાહે આજે સવારે અમદાવાદમાં 70 બેડની ગ્લોબલ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું હતું.

- (RNU અમદાવાદ)

---

## અંજાર-વેલસ્પન-સીએમ:

કચ્છના અંજાર ખાતે રાજ્ય સરકારના મિશન મંગલમ યોજના અંતર્ગત વેલસ્પન ગ્રૂપના નવીન 'ઈન્ટીગ્રેટેડ બેડ લીનન એન્ડ ટેરી ટોવેલ ' પ્રોજેક્ટના ભૂમિપૂજન પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વેલસ્પન કંપનીના સહયોગથી ચાલતી શિક્ષણ સ્પોન્સરશિપ યોજનાની વિદ્યાર્થિનીઓ તેમજ કંપનીના સહયોગથી ગ્રામ્યકક્ષાએ કાર્યરત સ્પન સેન્ટરના સખી મંડળની ૧૨૦ બહેનો સાથે સંવાદ કરીને વિકસિત ભારતના સપનાને સાકાર કરવા સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

આ સાથે કંપનીના શિક્ષણ સ્પોન્સરશિપ યોજના અંતર્ગત શૈક્ષણિક અને નાણાંકીય સહાય મેળવતી વિદ્યાર્થિનીઓ સાથે પણ મુખ્યમંત્રીએ તેમના શિક્ષણ, રોજગાર વગેરે અંગે મૃદુતાપૂર્વક સંવાદ કરીને વિકસિત ભારતના સપનાને સાકાર કરવા સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીએ આત્મનિર્ભર ભારત માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા રાજ્ય સરકારની યોજનાઓને કચ્છના છેવાડાના માનવી સુધી પહોડવામાં સહયોગ આપતી વેલસ્પન કંપનીની કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના પદાધિકારીઓ, ઉદ્યોગપતિઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

- (મા.ખા. ભુજ)

---

## વેવ્સ OTT:

પ્રસાર ભારતીના ચેરમેન નવનીત સહગલે જણાવ્યું હતું કે , દુરદર્શનનું વેવ્સ ઓટીટી પ્લેટફોર્મ પરિવારના તમામ સભ્યો માટે સંપૂર્ણ અને આરોગ્યપ્રદ મનોરંજન પુરુ પાડશે અને જાહેર પ્રસારણકર્તાને તેની પહોંચને વધુ પ્રેક્ષકો સુધી વિસ્તારવામાં મદદ કરશે. આજે અમદાવાદ દુરદર્શન કેન્દ્રની મુલાકાત દરમિયાન શ્રી સહગલે કેન્દ્રની કામગીરીની સમીક્ષા કરી હતી.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વેવ્સ ઓટીટી માત્ર નવી સામગ્રી જ નહીં પરંતુ દર્શકોને દૂરદર્શનના જૂના ક્લાસિક અને લોકપ્રિય કાર્યક્રમોનો આનંદ માણવાની તક પણ પ્રદાન કરશે.

- (RNU અમદાવાદ)

---

## સઘન પલ્સ પોલીયો ઝુંબેશ:

આજથી સઘન પલ્સ પોલીયો કાર્યક્રમ શરૂ થશે. જેમાં કચ્છના કુલ ૪ લાખ ૬૫ હજાર ૯૬૯ ઘરોના ૦ થી ૫ વર્ષના અંદાજિત ૩ લાખ ૨૦ હજાર ૯૬૨ બાળકોને આવરી લેવામાં

આવશે. આ માટે જિલ્લા આરોગ્ય શાખા તરફથી ૧ હજાર ૩૫૪ બુથોનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા બહારથી આવતાં પ્રવાસી બાળકો માટે પણ હાઈવે, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેવશન ખાતે પણ ૬૧ ટ્રાન્ઝિટ પોલીયો બુથો તેમજ ૧૭૬ મોબાઈલ ટીમ રાખવામાં આવી છે. વિવિધ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમો દ્વારા સોમવારે અને મંગળવારે ઘર-ઘર રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે.

આ કામગીરીમાં આરોગ્ય શાખા, આઈ.સી.ડી.એસ. શાખા તેમજ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સહયોગ આપવામાં આવશે. ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયોના ૨ ટીપા પીવડાવવા નજીકના પોલીયો બુથ પર અવશ્ય લઈ જવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની દ્વારા અપીલ કરાઈ છે

\- (પરેશ મારુ)

---

## નરસિંહ મહેતા હારમાળા જયંતી:

આદ્ય કવિ નરસિંહ મહેતા હારમાળા જયંતિની આજે રાજ્યની સાથે કચ્છમાં ઉજવણી કરવામાં આવી રહી છે. ભુજ ખાતે વડનગરા નાગર જ્ઞાતિ વ્યવસ્થાપક મંડળ દ્વારા આજે સાંજે યોજાનાર કાર્યક્રમમાં જ્ઞાતિના કલાકારો દ્વારા નરસિહ મહેતાનાં પદોની રજૂઆત કરાશે.

\- (સી. પટ્ટણી)

---

## ગીતા જયંતી ઉત્સવ પારંભ:

માગસર સુદ એકાદશી, ૧૧ ડિસેમ્બરે ગીતા જયાન્રી નિમિત્તે રાજ્ય ભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે ત્યારે, ભુજ ખાતે આજથી ૪ દિવસ સુધી ગીતા ગ્રંથ યાત્રા સાથે ગીતા જયંતી મહોત્સવની શરૂઆત થશે.

\- (જાગૃતિ વકીલ)

---